# 'ગઝલ કાવ્યસ્વરૂપ અને ગઝલકાર રાધાવલ્લભ ત્રિપાઠી'

શાસ્ત્રી હિરલબેન ધનંજયકુમાર
વિસનગર, જિ. મહેસાણા

## ❖ પ્રસ્તાવના : -

સંસ્કૃત સાહિત્યનો આધુનિકકાળ અતિ સમૃદ્ધ છે. આ આધુનિકકાળમાં અનેક સાહિત્ય સ્વરૂપો સર્જાયા. જેવાં કે – નવલકથા, નવલિકા, મહાકાવ્ય,ખંડકાવ્ય, ગઝલ, હાઈકુ, તાન્કા વગેરે ગદ્ય – પદ્ય સ્વરૂપોનું સર્જન સંસ્કૃત સાહિત્યની શોભા અને સમૃદ્ધિ વધારનાર બની રહ્યાં છે. એમાંય સંસ્કૃત સાહિત્યમાં 'ગઝલ' એ એક વિશિષ્ટ આવિષ્કાર છે.ભારતમાં ગઝલનું આગમન મોગલ બાદશાહો અને મોગલ સંસ્કૃતિ સાથે થયું ઉર્દુ ભાષા અસ્તિત્વમાં આવતાં ઉર્દુના મહાન શાયરો મીર તકી મીર અને મિર્ઝા ગાલિબના 'સાહેબે દીવાન' ગઝલને વિદ્વદ્ભોગ્ય અને લોકપ્રિય બનાવે છે.છેલ્લા મોગલ બાદશાહ બાહદુર શાહ 'ઝફર'એ પણ ગઝલની રચના કરી દમ તોડ્યો[૧].ગઝલએ મૂળ અરબી ભાષાનો ઊર્મિકાવ્યનો પ્રકાર છે.સંસ્કૃતમાં ગઝલને લઇ આવવાનું માન ભટ્ટ શ્રી મથુરનાથ શાસ્ત્રીને ફાળે જાય છે.તેઓ સંસ્કૃત ગઝલના સાચા ભગીરથ છે. તેમને સંસ્કૃત ગઝલના શાયર કહી શકાય. આ ઉપરાંત શ્રી પ્રા. કમલેશ મિશ્રને પણ સંસ્કૃતના આદ્ય ગઝલકાર કહી શકાય; પરંતુ તેમની ગઝલો હાલ અપ્રાપ્ય છે. સામ્પ્રત સમયના ગઝલકારોમાં શ્રી હર્ષદેવ માધવ,શ્રી રાધાવલ્લભ ત્રિપાઠી,,શ્રી રાજેન્દ્ર મિશ્ર વગેરે ગઝલને સંસ્કૃતમાં ચિતરી રહ્યા છે

## ❖ ગઝલનું સ્વરૂપ : -

ગઝલનું સ્વરૂપ અરબી,ફારસી, ઉર્દુ દ્વારા ગુજરાતી અને સંસ્કૃતમાં સર્જાવાનું શરુ થયું. 'ગઝલ' શબ્દ મૂળ અરબી ભાષાનો છે.તેનો અર્થ–પ્રિય સાથે રમણ કરવું કે સ્ત્રીઓ સાથે વાતચીત કરવી-વિલાસ કરવો એવો થાય છે.'ગઝલ'ને 'રાગ' કહેવાની પણ એક પ્રથા પ્રચલિત છે.આ રાગમાં શૃંગારરસ મુખ્ય હોય છે.અને તેમાં પ્રેમીઓનું સ્પષ્ટ કથન અથવા પ્રેમીના હૃદયના ઉદ્ગાર કે રમ્યદ્રશ્યોનાં, પંખી, ફૂલ, કુંજ, નિકુંજ આદિનાં વર્ણન હોય છે.[૨]

ગઝલ વિશે કૃષ્ણલાલ ઝવેરી લખે છે.'ગઝલ'એ છંદનું નામ નથી પણ ગઝલએ એક કાવ્યપ્રકાર છે.મૂળમાં એ અરબ્બીનો શબ્દ છે. તેનો અર્થ 'પ્રેમયુક્ત ભાષા' અથવા 'કાવ્યરૂપે બોલવું' એવો થાય છે.[૩]પશ્ચિમના એક વિવેચકે 'ગઝલ'શબ્દનો પરિચય આપ્યો છે- "ડો.ઈસ્ટિન ગાસે, ગઝલ એટલે સૂતર કાંતવું કે સૂતર વણવું એવો અર્થ કહ્યો છે. બીજો અર્થ એ છે કે સ્ત્રીઓ જોડે પ્રેમથી પ્યારની વાતો કરવી. કેટલાક લોકો માને છે કે અરબસ્તાનમાં ગઝલ નામની એક વ્યક્તિ હતી. આખી જીંદગી એણે ઈશ્કને હુશ્નની,પ્રેમની અને સૌન્દર્યની વાતો કર્યા કરી હતી. સારુંય જીવન એને પ્યારમાં જ વિતાવ્યું હતું. એટલે આ પ્રકારના શે'ર જેમાં ઈશ્ક-હુશ્નની વાતોને વર્ણનો હોય તે ગઝલ

કહેવાયા.[૪] પ્રેમની તીવ્ર ઝંખનાની અભિવ્યક્તિનું માધ્યમ ગઝલ. આમ ગઝલએ પ્રેમનું પ્રગટીકરણ કરતું એક કાવ્યપુષ્પ છે.

સંસ્કૃત ભાષામાં ગઝલ કાવ્યપ્રકારનું સર્જન એક પડકાર છે. સંસ્કૃત ભાષાના માળખામાં એની શિસ્તઅને પરંપરામાં ગઝલનું બાહ્ય અને આંતર સ્વરૂપ કેટલાક અંશે બંધ બેસે છે. અન્ય સૌ સાહિત્ય સ્વરૂપની જેમ ગઝલની ઓળખનાં કેટલાક ચિહ્ન છે. અહીં શે'ર, મતલા, મિસરા,મક્તા,રદીફ, કાફિયા,કાફિયા,બહેર જેવી કેટલીક સંજ્ઞાઓનો પ્રાથમિક પરિચય અનિવાર્ય બને છે.

(1) શે'ર :-

સૉનેટની છેલ્લી બે પંક્તિઓની જોડની જેમ ગઝલમાં પણ સ્વતંત્ર પણે શરૂઆતમાં બે પંક્તિઓ જોવા મળે છે. આ પંક્તિઓને શે'ર કહેવામાં આવે છે.ગઝલમાં આવા પ્રત્યેક શે'ર પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. અર્થાત્ દરેક શે'ર એક સ્વતંત્ર વિચાર મોતી છે.તે પોતાના અન્ય શે'રથી એક અલગ જ સ્વતંત્ર વિચાર રજૂ કરે છે.ક્યારેક ગઝલના બધા જ શે'ર માત્ર એક જ ભાવ કે વિચારનું કથન પણ કરતા જોવા મળે છે. જેમ કે,

घनच्छन्नं नभो मेघैर्घनच्छन्ना जलैर्मेघा: ।
जलैराप्लावतिा पृथ्वी पृथव्यिां दुर्दनिं जातम् ॥[५]

(2) મતલા :-

ગઝલની જુદીજુદી પંક્તિઓને અલગ-અલગ સંજ્ઞાઓથી ઓળખવામાં આવે છે. ગઝલના પ્રથમ બે પંક્તિઓના શે'રને 'મતલા' કહેવામાં આવે છે.'મતલા' એ ગઝલનો પયારૂપ પાયો છે. જેના ઉપર સુંદર ઈમારત (ગઝલ) ની રચના થાય છે.

(3) મિસરા :-

ગઝલમાં મતલા તથા તે પછી આવતા દરેક શે'રની પ્રથમ પંક્તિને 'ઉલા મિસરા' અને બીજી પંક્તિને 'સાની મિસરા' કહેવામાં આવે છે.

(4) મક્તા :- ગઝલના છેલ્લા શે'રમાં ગઝલકારનું નામ અથવા તખલ્લુસ આવે તો જ એને મક્તાનો શે'ર કહેવામાં આવે છે. ગુજરાતી કાવ્યમાં પ્રથા હતી 'ભણે નરસૈયો.....તથા 'બાઈ મિરાં કહે' એ પ્રકારે દસ્તાવેજીકરણ થતું.[૬] અહિં ગઝલકાર રાધાવલ્લભજીના આધ્યાત્મિકભાવને રજૂ કરતો શે'ર જોઈએ.

गता ये कन्नि्तु तै: कार्यं भवेयुर्येऽपि किंतैर्वा ।
समस्तं 'वल्लभ'- प्रेम्णा तु सध्र्धिं विर्तमानेस्मनि् ॥[૭]

(5) રદીફ :-

ગઝલમાં રદીફનું પણ એક વિશિષ્ટ સ્થાન છે. ગઝલના સૌથી પ્રથમ શે'ર (મતલા)ને અંતે રદિફનું સ્થાન હોય છે. મતલામાં 'રદીફ' એક અક્ષરથી માંડી એકાધિક શબ્દોનો હોઈ શકે છે.

(6) કાફિયા:-

ગઝલના બાહ્યસૌન્દર્યનું સૌથી મહત્વનું ઘટક તે કાફિયા છે. એક પ્રકાર્નો પ્રાસ યુક્ત શબ્દ તે કાફિયા. ક્યારેક સમગ્ર ગઝલમાં સળંગ એક જ પ્રાસ કે કાફિયા જોવા મળે છે. કવિશ્રી રાધા વલ્લભ ત્રિપાઠીએ ગઝલો માં રદીફ-કાફિયાનો વિનિયોગ સજ્જતાથી કર્યો છે. રદીફની પસંદગી પણ ગઝલના ભાવને અનુરૂપ કરવામાં આવી છે. ક્યારેક કાફિયાના સંયોજનમાં શિથિલતા પણ દૃષ્ટિ ગોચર થાય છે.

गुहा रुध्धा गुहा रुध्धा: सुखा मार्गास्तथा रुध्धा: ।
समीरे वातपाश्चात्ये हतं पूर्वं जगत् सर्वम् ॥८

કવિની ગઝલો નખશિખ સુંદર કાવ્યનું દષ્ટાંત બની છે. કવિની મોટાભાગની ગઝલો તેના બંધારણને સર્વાંગ સંપૂર્ણ રીતે વફાદાર રહીને સર્જાયેલી કૃતિઓ છે, પછી ભલે એ ટૂંકી બહેરમાં હોય કે લાંબી બહેરમાં,

दृश्यते सर्वथा चाद्य मूल्यक्षय:।
रक्षति मूलता शब्दकल्पद्रुमे ॥९

રાધાવલ્લભજીએ ગઝલકાર તરીકે પોતાની મહત્તમ ગઝલોનું સર્જન ટૂંકી બહેરમાં કર્યુ છે.

કવિ પોતાની ગઝલોમાં પ્રતીકનો ઉપયોગ કરિ યોગ્ય સભર ચિત્રો દોરી શકે છે પ્રતીકનો ઉપયોગ કરી સમાજ પર કરેલા વ્યંગનું દૃષ્ટાંત જોઇએ.

बन्धुता सा हता जृम्भते दुष्टता ।
सधुता सङ्गता शब्दकल्पद्रुमे ॥१०

અર્વાચીન સંસ્કૃત ગઝલનાં કલ્પનો પણ અર્વાચીન છે. કવિએ તાજગીસભર કલ્પનો આપ્યાં છે. જોઇએ તો,

प्रकाशो लम्बते दूरात् तदीया दृश्यते रेखा।
तम: सञ्चीयमानं तत् तु नद्धं वर्तमानेस्मनि ॥११

કવિની ગઝલોમાં પ્રણયભાવનું નિરૂપણ જોવા મળે છે. તેમની ગઝલોમાં પ્રસન્ન રીતે પણ શે'રની પશ્ચાદ્ભૂમિમાં પ્રણયનો રંગ પ્રસરાયેલો જોવા મળે છે. જુઓ,

वक्तुकामो यदा ह्रद्गतं खल्वहम् ।
ओष्ठयो: कान्तया योज्यते तर्जनी ॥१२

ગઝલના બંધારણને અનુરૂપ ચમત્કૃતિ તથા મિજાજનું નિરસન પણ કવિની ગઝલોનો વિશેષ કહી શકાય. મિજાજએ ગઝલનું પ્રાણતત્ત્વ છે. તેને તગઝ્ઝુલ કે ગઝલિયત પણ કહેવામાં આવે છે. કવિની ગઝલમાં મિજાજ જોઇએ.

कनिभो नम्यते नम्यते कधिरा दीर्यते ।
कथ्यतां यत् त्वयोत्थाप्यते तर्जनी ॥१३

ગઝલએ સરળ અભિવ્યક્તિનો ઊર્મિપ્રકાર છે.કવિ બોલચાલની ભાષામાં સુગમ અને સચોટ રજૂઆત કરી શકે છે. ગઝલની ભાષા સરળ,સચોટ,અર્થગંભીર અને તાજગીપૂર્ણ હોવી જોઇએ. કવિની ગઝલમાં સમાસ સંયોજન રમ્ય, પ્રાસાદિક, કર્ણપ્રિય તથા અર્થપ્રાપ્તિમાં વિક્ષેપ ન નાખનારું બની રહે છે.પણ કવિની ગઝલમાં ક્યાંક મિજાજ ખૂટતો જણાય છે.

ત્રિપાઠીજીની ગઝલો કાવ્યાત્મક છે, પરંતુ આંતરિક બંધારણમાં ક્યાંક શિથિલતા રહી જાય છે એ પણ એક હકીકત છે. જુદા જુદા વિષયો સાથે સામ્પ્રત પરિસ્થિતિના ભાવોને પોતાની ગઝલોમાં તેમનું નિરૂપણ નોંધપાત્ર રહ્યું છે.

## -: પાદટીપ :-

૧. ' ગઝલ:- શિલ્પ અને સર્જન' પૃ. ૧
૨. સંક્ષિપ્ત ભગવદ્ગોમંડળ. પૃ. ૨૪૧
૩. ગુજરાતી ગઝલો. પૃ. નં.- ૬
૪. 'છીપનો ચહેરો ગઝલ 'પૃ. નં.-૮૮
૫. 'संप्लव:' પૃ. નં.-૩૭
૬. 'संप्लव:' પૃ. નં.-૩૩
૭. 'સ્વરૂપ સન્નિધાન' પૃ. નં.-૧૨૭
૮. 'संप्लव:' પૃ. નં.-૩૬
૯. 'संप्लव:' પૃ. નં.-૪૦
૧૦.'संप्लव:' પૃ. નં.-૪૦
૧૧.'संप्लव:' પૃ. નં.-૩૩
૧૨.'संप्लव:' પૃ. નં.-૩૮
૧૩.'संप्लव:' પૃ. નં.-૩૫

## -: સંદર્ભ ગ્રન્થો :-


૧. સંસ્કૃત ગઝલ (સંરચના અને સંસર્જન)
લેખક અને પ્રકાશક : ડૉ. સ્નેહલ જોષી.
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨
વિતરક : ગૂર્જર એજન્સી – અમદાવાદ
૨. સંક્ષિપ્ત ભગવદ્ગોમંડળ
કર્તા : ભગવતસિંહજી
(નવસંસ્કરણ વર્ષ : ૨૦૦૨)
પ્રકાશક : પ્રવીણ પ્રકાશન. રાજકોટ.

૩. ગુજરાતી ગઝલો
સંપાદક : દી.બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.
પ્રકાશક : સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય મુંબઈ.
પ્રથમ સંસ્કરણ : ૧૯૯૯

૬. ‘ ગઝલ:- શિલ્પ અને સર્જન’
ડૉ. જયંત વ્યાસ,
પ્રવિણ પુસ્તક ભંડાર,રજકોટ. ૧૯૮૧

૭. ‘છીપનો ચહેરો ગઝલ’
સંપા.- અમૃત ઘાયલ/ મકરન્દ દવે,
દ્વિતીય આવૃતિ:૨૦૦૦
પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, અમદવાદ-

૮. ‘સ્વરૂપ સન્નિધાન’
લેખક: સુમન શાહ,
પ્રકાશક : પાર્શ્વ પ્રકાશન. – અમદાવાદ
પ્રથમ આવૃતિ:૧૯૯૭


-------------